પુPના International School
Shree Swaminarayan Gurukul, Zundal

| ANNUAL EXAMINATION 2020-21 | | | | | |
|---|---|---|---|---|---|
| Student's Name | | | | | |
| Date | | Grade | V | Roll No. | |
| Subject | Gujarati | Marks | 80 | Teacher's Sign | |

## [ READING SECTION]

પ્રશ્ન 1 ( અ )  નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો  [10 માર્ક્સ]

એક નાની નદી હતી. નદી પર લાકડાનો સાદો પુલ બાંધેલો હતો. આ પુલ સાંકડો હતો. પુલને કઠેડો ન હતો. તેના પરથી સામસામે બે જણ પસાર થઈ શકતા ન હતા. એકવાર આ પુલ પર સામસામે બે છેડેથી બે કૂતરા આવ્યા. તેઓ એકબીજાને રસ્તો આપવા તૈયાર ન હતા અને પાછું જવા પણ તૈયાર ન હતું. બંને ઝઘડી પડ્યા અને નદીમાં પડી ગયા. માંડ કિનારે પહોચ્યાં. થોડીવાર બાદ પુલના બંને છેડેથી બે બકરી આવી.બકરી સમજુ હતી. એક બકરી નીચે બેસી ગઈ અને બીજી બકરી તેના પરથી આગળ ચાલી ગઈ પછે નીચે બેઠેલી બકરી ઊભી થઈને ચાલવા લાગી.

પ્રશ્નો
1 )  નદી પર શું બાંધેલું હતું ?
2)  આ પુલ કેવો હતો ?
3)  પહેલા પુલના છેડેથી કોણ આવ્યુ ?
4)  નદીમાં કોણ પડી ગયું ?
5)  બકરીએ પુલ કેવી રીતે પસાર કર્યો.

પ્રશ્ન 1 ( બ )  નીચેનો ફકરો વાચીં સુંદર અક્ષરથી લખો.  [10 માર્ક્સ]

ગ્રામજીવન એટલે ગામડાનું જીવન – સાદો ખોરાક, સાદો પોશાક અને સાદી ભાષા. ગામડામાં ખેડૂતો ઉપરાંત બ્રાહ્મણ, સુથાર, લુહાર, દરજી, કુંભાર વગેરે અનેક જાતિના લોકો પણ રહે છે. ખેડૂતો ખેતી કરે છે. કારીગરો ઉપયોગી વસ્તુઓ બનાવે છે. પરોઢિયે કૂકડો બોલે ત્યારે સૌ લોકો જાગી જાય છે અને પોતપોતાના કામે લાગી જાય છે. ઘમ્મર વલોણાંના નાદ સંભળાય છે. ખેડૂતો બળદોને લઈને ખેતરે જાય છે અને ખેતીકામમાં લાગી જાય છે. મંદિરોમાં આરતી થાય છે. તેનો અવાજ વાતાવરણને પવિત્ર બનાવી દે છે.

ગામની ચારે બાજું ખેતરો હોય છે. તેમાં બારેમાસ હરિયાળી જોવા મળે છે. ગામડામાં ચોખ્ખાં ઘી-દૂધ મળે છે. ત્યાંની હવા શુદ્ધ હોય છે. ત્યાં પ્રદૂષણ હોતું નથી. વળી ત્યાં સૌ લોકો મહેનત કરે છે. આથી લોકોના શરીર તંદુરસ્ત હોય છે. ગામના લોકો હળીમળીને આનંદથી તહેવારો અને સામાજિક પ્રસંગો ઊજવે છે. સૌ એકબીજાને મદદ કરે છે. ગામડામાં કેટલીક અગવડો પણ હોય છે. ઠેરઠેર ગંદકી અને ઉકરડાને કારણે ત્યાં માખી અને મચ્છરનો ઉપદ્રવ રહે છે. હવે ગામડામાં પણ પહેલા જેવું નથી અત્યારે ચોવીસ કલાક વીજળી મળતી થઈ ગઈ છે. રસ્તાઓ પણ પાકા થઈ ગયા છે. અને વાહનવ્યવહાર પણ વધ્યો છે.

ગ્રામજીવન એટલે શાંત જીવન.

## [WRITING SECTION ]

પ્રશ્ન **2** ( અ )  નીચેના વિશે નિબંધ લખો. [ કોઈપણ એક ]  [ 10 MARKS ]

1) મારી શાળા  2) મારી વહાલી મમ્મી

પ્રશ્ન **2** ( બ )  નીચેના મુદ્દા પરથી વાર્તા લખો.  [ 10 MARKS ]

1) એક લુચ્ચો દુકાનદાર – કરિયાણાની દુકાન – એક ગ્રાહક – ખાંડ ખરીદવી – દુકાનદારનું ઓછું તોલવું – ગ્રાહકની ફરિયાદ – ' વધારે વજન ઊંચકવું નહિ પડે,' એવો દુકાનદારનો જવાબ- ગ્રાહકે ઓછા પૈસા ચૂકવવા – પૂરા પૈસા ચૂકવવા માટે દુકાનદારની માગણી – 'પૈસા વધારે ગણવા નહિ પડે' ગ્રાહકનો જવાબ - બોધ.

## [GRAMMAR SECTION]

પ્રશ્ન 3 ( અ ) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો. [ 5 MARKS ]

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1) | નદી | 2) | પાણી | 3) | પળ |
| 4) | વૈરાગી | 5) | આટો | | |

પ્રશ્ન 3 ( બ ) નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો. [ 5 MARKS ]

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1) | ઉપર | 2) | તડકો | 3) | નાના |
| 4) | સુંદર | 5) | સુખ | | |

પ્રશ્ન 3 ( ક ) નીચેના શબ્દોનો વાક્યોમાં પ્રયોગ કરો. [ 5 MARKS ]

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1) | ભભૂત | 2) | ખીચડી | 3) | કબૂતર |
| 4) | બકરી | 5) | ગાડું | | |

પ્રશ્ન 3 ( ડ ) નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ આપો [ 5 MARKS ]

1) બાગ, બગીચો, ફળઝાડનું ખેતર
2) મરઘીનું બચ્ચું
3) સામસામી મદદ
4) અનાજ ઝાટકવાનું સાધન
5) પગથિયાવાળો કૂવો

## [LITERATURE SECTION ]

પ્રશ્ન 4 ( અ ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. [ 8 MARKS ]

1) કબૂતરે પાણીમાં પાન શા માટે ફેંક્યું?
2) કબૂતરનો શીકાર કરવા કોણ આવ્યું?
3) બા બાવાને શી આજીજી કરે છે?
4) બચુ કેવી રીતે બાવો બન્યો?
5) મરઘીબાઇએ સૂંઢલ કરવા માટે કોને કોને પૂછી જોયું?
6) બકરીબહેન રસ્તા વચ્ચે જઇને શા માટે બેઠા?
7) બકરીબહેને ગાડાવાળાને શો ઠપકો આપ્યો?
8) બચ્ચાને કોને ધક્કો માર્યો?

પ્રશ્ન 4 ( બ ) નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર વાક્યમાં લખો. ( કોઇ પણ છ ) [ 12 MARKS ]

1) મકાઇના દાણા જોઇને મરઘીને શો વિચાર આવ્યો?
2) ડાહ્યા ડુક્કરે મરઘીબાઇને શો જવાબ આપેલો?
3) મકાઇ તૈયાર થયા પછી મરઘીબાઇએઅંતે શો વિચાર કર્યો?
4) બકરીબહેને ઘર કેવી રીતે તૈયાર કર્યું?
5) બકરીબહેન શું બોલે તો બચ્ચાં બારણાં ખોલતા હતાં?
6) બતકની માં બચ્ચાને ક્યાં તરવા લઇ ગઇ?
7) મીણબતીની વિશેષતા કઇ કઇ છે?